**ચંદ્રેશ જે. ગજેરા,**

**એડવોકેટ**

ઓફીસ : ૨૦૨, ૨૦૩, રોયલ આર્કેડ, કેનરા બેંકની બાજુમાં,
ગીતાજંલી–એફીલ ટાવર રોડ, વરાછા રોડ, સુરત.
મોબાઈલ નં.૯૮૨૪૭ ૬૩૮૦૨

---

તા.૧૬/૦૩/૨૦૨૩

## — : : ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ : : —

**વિષય :–** ડીસ્ટ્રીકટ : સુરત, તાલુકો : ચોર્યાસી, **મોજે ગામ ભરથાણા–કોસાડના** રેવ.સર્વે નં.૧૪૫/૩, જેનો બ્લોક નં.૧૪૧,જેનો સીટી સર્વે વોર્ડ: ભરથાણા–કોસાડ(બિનખેતી),**સીટી સર્વે નં.NA141**, જેનું ક્ષેત્રફળ ૨૦૩૩૬ ચો.મીટર વાળી જમીનને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્લોટ વેલીડેશન કર્યેથી એમીનીટીસ સ્પેશની કપાત લઈ રી–કોન્સ્ટીટયુટેડ લેન્ડને **૧૨૨૦૧.૦૦ ચો.મીટર** ક્ષેત્રફળ ફાળવવામાં આવેલ છે, તે બીનખેતીની જમીનનું ટાઈટલ કલીયર સર્ટીફીકેટ,

---

**જમીન માલીક :– (૧) ધીરૂભાઈ પરબતભાઈ સુદાણી,**
**(૨) અશ્વિનભાઈ પરબતભાઈ સુદાણી,**
**(૩) રતિલાલ પરબતભાઈ સુદાણી,**
**(૪) કાળાભાઈ રણછોડભાઈ વેકરીયા,**
**(૫) જયસુખભાઈ કાળાભાઈ વેકરીયા,**
**(૬) જગદીશભાઈ બચુભાઈ સુદાણી,**
**(૭) કિશોરભાઈ ગોવિંદભાઈ સુરાણી,**
**(૮) કૃપાલબેન રમેશભાઈ સોરઠીયા તે શૈલેશભાઈ વેકરીયાના પત્ની,**

**સાહેબ શ્રી,**

ઉપરોકત વિષયના અનુસંધાને જમીન માલીક **ધીરૂભાઈ પરબતભાઈ સુદાણી, વિગેરે**એ નીચે મુજબના પુરાવાઓ મારી સમક્ષ રજુ કરી ટાઈટલ કલીયર રીપોર્ટની માંગણી કરેલ છે, જે પુરાવાઓ ધ્યાને લઈ મારો ટાઈટલ કલીયર રીર્પોટ રજુ કરૂ છું.

**<u>રજુ કરેલ પુરાવાઓ :–</u>**

(૧) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ ના તમામ ગામ નમુના નં.૭/૧૨ નકલ,

(૨) ડી. સુરત, સીટી સર્વે વોર્ડ : ભરથાણા–કોસાડ(બિનખેતી), સીટી સર્વે નં.NA141, પ્રોપર્ટી કાર્ડની નકલ,

(૩) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ના ગામ નમુના નં.૬ની ઉત્તરોતરની ફેરફાર નોંધો.

(૪) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ વાળી જમીનના રજી.વેચાણ દસ્તાવેજ નં.૪૯૭, તા.૧૬/૧૨/૨૦૨૧.

(૫) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ વાળી જમીન અંગે બિનખેતીના (મલ્ટીપલ હેતુ) કલેકટર સાહેબશ્રી સુરતનાં હુકમ નં.908/22/10/006/2022, DATE-12/05/2022 ના રોજના બિનખેતી પરવાનગીના હુકમની નકલ.

(૬) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ વાળી જમીનના પ્લોટ વેલીડેશન અંગેના સુરત મહાનગર પાલિકાના પત્ર ક્રમાંક : ટી.ડી.ઓ/પીવી/૧૦૮૦, તા.૩૦–૦૯–૨૦૨૨ ની નકલ.

(૭) ડી. સુરત, તા.ચોર્યાસીના મોજે ગામ : ભરથાણા–કોસાડના રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧ વાળી જમીન અંગે સુરત મહાનગરપાલિકાની (રજાચીઠ્ઠી) નં.002LD22230525, તા.૨૪–૦૧–૨૦૨૩ ની નકલ.

સુરત સબ–રજીસ્ટ્રાર(અઠવા)કચેરીમાં સને–૧૯૯૦ થી ૨૦૦૦ સુધીનું રસીદ નંબર ૨૦૨૩૦૧૮૦૦૦૧૮૬૮૩, થી તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ સર્ચ લીધેલ છે. તથા સુરત સબ–રજીસ્ટ્રાર (કતારગામ) કચેરીમાં સને–૧૯૯૯ થી ૨૦૧૨ સુધીનું રસીદ નંબર ૨૦૨૩૦૨૧૦૦૦૧૪૬૧૫ થી તા.૧૪/૦૩/૨૦૨૩ ના રોજ સર્ચ લીધેલ છે તથા સુરત સબ–રજીસ્ટ્રાર (ચોર્યાસી) કચેરીમાં સને–૨૦૧૧ થી ૨૦૨૩ સુધીનું અનુક્રમે રસીદ નંબર ૨૦૨૩૩૨૩૦૦૦૦૦૫૦૫, તા.૧૩/૦૩/૨૦૨૩ ના રોજ સર્ચ લીધેલ છે તથા સુરત સબ–રજીસ્ટ્રાર (હજીરા) કચેરીમાં સને–૨૦૨૨ થી ૨૦૨૩નું રસીદ નંબર ૨૦૨૩૩૨૧૦૦૦૦૩૬૯૦ થી તા.૧૪/૦૩/૨૦૨૩ એટલે કે છેલ્લા ૩૨ વર્ષના રેકર્ડની સર્ચ લેવામાં આવેલ છે, તેમજ જરૂરી રેવન્યુ રેકર્ડ તપાસેલ છે, તેમજ રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લેતા ટાઈટલ રીપોર્ટ નીચે મુજબ છે.

**<u>રેવ.સર્વે નં.૧૪૫/૩, બ્લોક નં.૧૪૧, વાળી બીનખેતીની જમીનના ટાઈટલ..</u>**

ડીસ્ટ્રીકટ : સુરત, તાલુકો : ચોર્યાસી મોજે ગામ ભરથાણા કોસાડના રે.સર્વે નં.૧૪૫/૩ વાળી ખેતીની જમીનના મુળ માલીક કબજેદાર માવા જેઠા ચાલી આવેલ, ત્યારબાદ સદરહુ જમીનના માલીક–કબજેદાર માવા જેઠાનું તા.૦૭/૦૩/૧૯૪૨ ના રોજ અવસાન થતા તેમના કાયદેસરના સીધીલીટીના વારસદાર તરીકે મુળચંદભાઈ માવજીભાઈનું નામ સદરહુ જમીનના રેવન્યુ દફતરે માલીક–કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલ, જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૩૪૦, તા.૨૨/૦૫/૧૯૪૨ ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ગામ ભરથાણા કોસાડમાં મે.સુપ્રીન્ટે. લેન્ડ રેકડઝ, અમદાવાદ વિભાગ અમદાવાદના હું.નં.કે.જે.પી.એસ.આર.૮–૬/તારીખ ૨૬/૦૭/૬૨ મુજબ તથા મે.સ્પે.લેન્ડ.એકવી.ઓ.સુરતના હુકમ નંબર એલ.એ.કયુ./બી/૨૨ તા.૨૦/૧૧/૫૫ના આધારે નહેર દુરસ્તી પત્રક નંબર ૬ થી દુરસ્તી થયેલ, પરંતુ સદર રે.સર્વે નં.૧૪૫/૩ વાળી જમીનનું ક્ષેત્રફળ એ.૫–૧ ગુંઠા યથાવત રાખવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૧૦૬૬, તા.૨૭/૧૦/૧૯૭૭ ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ગામ ભરથાણા કોસાડમાં મે.સુપ્રીન્ટેન્ડેન્ટ,જમીન રેકડઝ, વિભાગ વડોદરાના કમી જાસ્તીપત્રક નંબર ૧૧/૬૮–૬૯ તારીખ ૨૭/૧૨/૬૮ અને સ્પે.લેન્ડ એકવી. સાહેબ સુરતના તાપી કેનાલ વર્કસ D.T.R.No.760/66-67 આધારે દુરસ્તી પત્રક નંબર ૮ થી દુરસ્તી થયેલ પરંતુ સદર રે.સર્વે નં.૧૪૫/૩ વાળી

જમીનનું ક્ષેત્રફળ એ.૫—૧ ગુંઠા યથાવત રાખવામાં આવેલ, જે અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૧૦૭૨, તા.૨૭/૧૦/૧૯૭૭ ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના માલીક—કબજેદાર મૂળચંદભાઈ માવજીભાઈનું તા.૦૧/૦૪/૧૯૭૯ના રોજ અવસાન થતા તેમના કાયદેસરના સીધીલીટીના વારસ છોકરા નગીનભાઈ મૂળચંદભાઈનું નામ અન્ય વારસદારોએ આપેલ સંમતી દર્શક જવાબના આધારે સદરહુ જમીનના રેવન્યુ દફતરે માલીક કબજેદાર તરીકે દાખલ કરવામાં આવેલ, જે વારસાઈ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૧૧૧૩, તા.૨૬/૦૪/૧૯૭૯ ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ મોજે ગામ ભરથાણા કોસાડમાં સરકારશ્રીની એકત્રીકરણની યોજના અમલમાં આવતા સદરહુ રેવ.સર્વે નં.૧૪૫/૩ વાળી જમીનને બ્લોક નં.૧૪૧ આપવામાં આવેલ, જે એકત્રીકરણ અંગેની નોંધ મોજે ગામ ભરથાણા કોસાડના રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬ માં નોંધ નં.૧૧૪૬, થી તા.૨૬/૦૩/૧૯૮૦ ના રોજ નોંધી અધિકૃત મહેસુલી અધિકારી દ્વારા પ્રમાણીત થયેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના સ્વતંત્ર માલીક—કબજેદાર નગીનભાઈ મૂળચંદભાઈ પટેલ પાસેથી સદર જમીન મનહરભાઈ ભગુભાઈ પટેલે તા.૧૭/૦૬/૧૯૮૮ના રોજ કિંમતી વેચાણ અવેજ બદલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજથી વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સુરતના સબ—રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૬૭૮૬, તા.૧૭/૦૬/૧૯૮૮ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૧૩૫૮, તા.૧૭/૦૬/૧૯૮૮ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદરહુ જમીનના સ્વતંત્ર માલીક—કબજેદાર મનહરભાઈ ભગુભાઈ પટેલ પાસેથી સદર જમીન (૧) ધીરૂભાઈ પરબતભાઈ સુદાણી, (૨) અશ્વિનભાઈ પરબતભાઈ સુદાણી,(૩) રતિલાલ પરબતભાઈ સુદાણી, (૪) કાળાભાઈ રણછોડભાઈ વેકરીયા, (૫) જયસુખભાઈ કાળાભાઈ વેકરીયા, (૬) જગદીશભાઈ બચુભાઈ સુદાણી, (૭) કિશોરભાઈ ગોવિંદભાઈ સુરાણી, (૮) કૃપાલબેન રમેશભાઈ સોરઠીયા તે શૈલેશભાઈ વેકરીયાના પત્નીનાઓએ કીમતી વેચાણ અવેજ બદલ વેચાણ રાખેલ, જે અંગેનો વેચાણ દસ્તાવેજ મહે.સુરત ચોર્યાસી સબ—રજીસ્ટ્રાર સાહેબની કચેરીમાં અનુક્રમ નં.૪૯૭, તા.૧૬— ૧૨—૨૦૨૧ના રોજ નોંધાયેલ છે. જે વેચાણ અંગેની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૩૨૫૩, તા.૧૬/૧૨/૧૯૨૧ના રોજ નોંધી અધિકૃત મહેસુલ અધિકારી દ્વારા પ્રમાણીત કરવામાં આવેલ છે.

ત્યારબાદ, સદરહુ **બ્લોક નં.૧૪૧** વાળી જમીનમાં બીનખેતીના કૃત્ય કરવા માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ—૬૫ હેઠળ મે.કલેકટરશ્રી, સુરતનાએ તેમના **હુકમ નં.908/22/10/006/2022, DATE-12/05/2022** ના રોજ મલ્ટીપલ હેતુ માટે બીનખેતીની પરવાનગી આપેલ છે. જે બીનખેતીના હુકમની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૩૩૦૩, તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ નોધી અને તા.૨૨/૦૬/૨૦૨૨ના રોજ અધિકૃત મહેસુલી અધિકારી દ્વારા પ્રમાણીત થયેલ છે. સદર જમીન બીનખેતી થતા સદર જમીનનું ૭/૧૨નું પાનીયુ બંધ કરવા મેન્ટેનન્સ સર્વેયર કરાડવા(બીનખેતી) તરફથી હુકમ થતા સદર જમીનને સીટી સર્વે દફતરે સીટી સર્વે કચેરી—સુરત—૨, **સીટી સર્વે વોર્ડ : ભરથાણા—કોસાડ (બીનખેતી)**, શીટ નં.NA99, **સીટી સર્વે નં.NA141** એલોટ કરી પ્રોપર્ટી કાર્ડ ઉપસ્થિત કરેલ છે. જે હુકમની નોંધ રેવન્યુ દફતરે ગામ નમુના નં.૬માં નોંધ નં.૩૩૦૫, તા.૨૬/૦૫/૨૦૨૨ના રોજ નોધી અને તા.૨૮/૦૬/૨૦૨૨ના રોજ અધિકૃત મહેસુલી અધિકારી દ્વારા પ્રમાણીત થયેલ છે.

સદર **બ્લોક નં.૧૪૧** થી નોંધાયેલ સુમારે ક્ષેત્રફળ હે.આરે.૨૦૩૩૬ ચો.મીટર વાળી જમીનમાં પ્લોટ વેલીડેશન કરવા માટે સુરત મહાનગર પાલિકાને અરજી કરતા સુરત મહાનગર પાલિકા દ્વારા તેઓના પત્ર ક્રમાંક : ટી.ડી.ઓ/

પીવી/૧૦૮૦, તા.૩૦/૦૯/૨૦૨૨ થી એમીનીટીસ સ્પેશની જમીન કપાત લઈ બ્લોક નં.૧૪૧ વાળી જમીનને રી–કોન્સ્ટીટયુટેડ પ્લોટનું ક્ષેત્રફળ **૧૨૨૦૧.૦૦** ચો.મીટર ફાળવવામાં આવેલ છે.

સદર બ્લોક નં.૧૪૧ વાળી જમીનમાં સુરત મહાનગરપાલિકાએ તેઓના પત્ર (રજાચીઠ્ઠી) નં.002LD22230525, થી તા.૨૪–૦૧–૨૦૨૩ ના રોજ રહેણાંકના હેતુ માટે ખુલ્લા પ્લોટોનો પ્લાન મંજુર કરેલ છે.

ઉપરોકત હકીકતે ડીસ્ટ્રીકટ : સુરત, તાલુકો : ચોર્યાસી, **મોજે ગામ ભરથાણા કોસાડના** રેવ.સર્વે નં.૧૪૫/૩, જેનો **બ્લોક નં.૧૪૧**,જેનો સીટી સર્વે વોર્ડ: ભરથાણા–કોસાડ(બિનખેતી), **સીટી સર્વે નં.NA141**, જેનું ક્ષેત્રફળ ૨૦૩૩૬ ચો.મીટર વાળી જમીનને સુરત શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્લોટ વેલીડેશન કર્યેથી એમીનીટીસ સ્પેશની કપાત લઈ રી–કોન્સ્ટીટયુટેડ લેન્ડને **૧૨૨૦૧.૦૦ ચો.મીટર** ક્ષેત્રફળ ફાળવવામાં આવેલ છે, તે બીનખેતીની ખુલ્લી જમીન **(૧) ધીરૂભાઈ પરબતભાઈ સુદાણી, (૨) અશ્વિનભાઈ પરબતભાઈ સુદાણી,(૩) રતિલાલ પરબતભાઈ સુદાણી, (૪) કાળાભાઈ રણછોડભાઈ વેકરીયા, (૫) જયસુખભાઈ કાળાભાઈ વેકરીયા, (૬) જગદીશભાઈ બચુભાઈ સુદાણી, (૭) કિશોરભાઈ ગોવિંદભાઈ સુરાણી, (૮) કૃપાલબેન રમેશભાઈ સોરઠીયા તે શૈલેશભાઈ વેકરીયાના પત્ની** નાઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબ્જા, ભોગવટા, વપરાશની ચાલી આવેલ છે. તેમજ મારી સમક્ષ રજુ થયેલા પુરાવાઓ જોતા સદરહુ જમીન અંગે હાલમાં રેવન્યુ દફતરે કે સિવીલ કોર્ટમાં કોઈ કેસ કે તકરારો પેન્ડીગ હોય તેવું જણાતુ નથી. તેથી સદરહુ જમીનના માલીકી અંગેના ટાઈટલ કલીયર અને માર્કેટેબલ છે, અને રેકર્ડ જોતા સદર જમીન ઉપર અન્ય કોઈનો લાગભાગ કે હકક હીત કે કોઈનો બોજો નથી તેવો મારો સ્પષ્ટ અભિપ્રાય થાય છે. તે અંગેનો આ ટાઈટલ કલીયર રીપોર્ટ આપવામાં આવે છે.

સ્થળ :– સુરત

(ચંદ્રેશ જે. ગજેરા)
(એડવોકેટ)
Enrolment No.G/1352/2008

CHANDRESH J. GAJERA ADVOCATE G/1352 2008 SURAT

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે. સ. ન. 145/3, બ્લોક ન. 141

Search in : Bharthana -Koshad/Bharthana -Koshad

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૦૧૮૦૦૦૧૮૬૮૩ | અરજી નંબર | ૧૨૨૨૬ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૧૪ | માહે | માર્ચ | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ ચંદ્રેશ જેરામભાઇ ગજેરા

ટ્રાન્જેક્સન નંબર 20230314942133829

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો................ | |
| શેરોની નકલ કરવા માટે ફી........................ | |
| ટપાલ ખર્ચ........................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........... | |
| શોધ અગર તપાસણી.................વર્ષ : 1990 થી 2000 | ૧૨૦.૦૦ |
| દંડ કલમ-૨૫...................................... | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )............................ | |
| નકલ ફી ફોલીયો................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી .................................. | |
| અન્ય ફી ......................................... | |

| કુલ એકંદરે રૂ. | ૧૨૦.૦૦ |
|---|---|

અંકે રૂપીયા એક સો વીસ પુરા

THE SEAL OF THE SUB REGISTRAR સુરત શીટી-૧ (અડાજણ) સુરત CITY

એમ. આર. પરમાર
સબ રજીસ્ટ્રાર
સુરત - 1 City

IGR-NIC(G) 202301800018683 (W)

15/03/2023 11:46:44

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે સ નં 145/3 બ્લોક નં 141

Search in : કોસાડ ભરથાણા /KOSAD BHARTHANA

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202302100014615 | અરજી નંબર | 5959 | અરજી વર્ષ | 2023 |
| તારીખ | 14 | માહે | માર્ચ | સને | 2023 |

રજુ કરનારનું નામ ચંદ્રેશ જેરામભાઇ ગજેરા

ટ્રાન્જેક્સન નંબર 20230314226338685

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........................................ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........................................ | |
| શેરોની નકલ કરવા માટે ફી........................................ | |
| ટપાલ ખર્ચ........................................ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........................................ | |
| શોધ અગર તપાસણી.....................વર્ષ : 1999 થી 2012 | 250.00 |
| દંડ કલમ-૨૫........................................ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........................................ | |
| નકલ ફી ફોલીયો........................................ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........................................ | |
| અન્ય ફી ........................................ | |

| કુલ એકંદરે રૂ. | 250.00 |
|---|---|

અંકે રૂપીયા બે સો પચાંસ પુરા

THE SEAL OF THE SUB REGISTRAR * સુરત-૪ (કતારગામ) ની સિક્કો * સત્યમેવ જયતે * SURAT-4 (KATARGAM)

Rajesh Laxmanbhai Chaudhari
સબ રજીસ્ટ્રાર
સુરત - 4 Katargam

## ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

## મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / Encumbrance Certificate (E.C)

**Search in :** ચંદ્રેશ જેરામભાઇ ગજેરા અરજી નંબર : 5959 ગામ નું નામ : **KOSAD BHARTHANA**

**Search Year : - 2012** મિલ્કતનું વર્ણન : રે સ નં 145/3 બ્લોક નં 141

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam** મા -14 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 14/03/2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર (જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકાર નું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| -------------------- NO DATA AVAILABLE -------------------------- | | | | | | | | |
| | | | | | | | | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20230314226338685 Date **14/03/2023** થી મળેલ છે.

સબ-રજીસ્ટ્રાર

**Sub-Registrar Office(SRO) SURAT-4 Katargam**

THE SEAL OF THE SUB REGISTRAR * સબ રજીસ્ટ્રાર સુરત-૪ (કતારગામ) ની કચેરી * SURAT-4 (KATARGAM) * સત્યમેવ જયતે



પ્રિન્ટ તારીખ : 14/03/2023 16:01:14

**Inspector General of Registration**
**Revenue Department, Government of Gujarat**

# અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે સ નં 145/3,બ્લોક નં 141,સીટી સર્વે નં NA141

Search in : ભરથાણા-કોસાડ /Bharthana -Koshad

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | 202332100003690 | અરજી નંબર | 1443 | અરજી વર્ષ | 2023 |
| તારીખ | 14 | માહે | માર્ચ | સને | 2023 |

રજુ કરનારનું નામ ચંદ્રેશ જેરામભાઇ ગજેરા

ટ્રાન્જેક્સન નંબર 20230314148699989

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........વર્ષ : 2022 થી 2023 | 130.00 |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |

| કુલ એકંદરે રૂ. | 130.00 |
|---|---|

અંકે રૂપીયા એક સો ત્રીસ પુરા

THE SEAL OF THE SUB-REGISTRAR SURAT-7, (HAZIRA) સબ રજીસ્ટ્રાર સુરત-૭

J.C.Bhatporia
સબ રજીસ્ટ્રાર
સુરત - 7 હજીરા

# Inspector General of Registration
# Revenue Department, Government of Gujarat
## અરજી પહોંચ

મિલ્કત નું વર્ણન : રે સ નં 145/3,બ્લોક નં.141

Search in : ભરથાણા-કોસાડ /Bharthana -Koshad

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહોંચ નંબર | ૨૦૨૩૩૨૩૦૦૦૦૦૫૦૫ | અરજી નંબર | ૧૨૧ | અરજી વર્ષ | ૨૦૨૩ |
| તારીખ | ૧૩ | માહે | માર્ચ | સને | ૨૦૨૩ |

રજુ કરનારનું નામ ચંદ્રેશ જેરામભાઇ ગજેરા

ટ્રાન્જેક્સન નંબર 20230313876778033

| નીચે પ્રમાણે ફી પહોંચી | રૂ. પૈસા |
|---|---|
| રજીસ્ટ્રેશન ફી........ | |
| નકલ કરવા ની ફી સાઈડ / ફોલીયો........ | |
| શેરોની નકલ કરવા માટે ફી........ | |
| ટપાલ ખર્ચ........ | |
| નકલો અથવા યાદીઓ (કલમ ૬૪ થી ૬૭ )........ | |
| શોધ અગર તપાસણી........વર્ષ : 2011 થી 2023 | ૨૪૦.૦૦ |
| દંડ કલમ-૨૫........ | |
| કલમ-૩૪ (કલમ-૫૭ )........ | |
| નકલ ફી ફોલીયો........ | |
| ઈન્ડેક્ષ-૨ ફી ........ | |
| અન્ય ફી ........ | |
| કુલ એકંદરે રૂ. | ૨૪૦.૦૦ |

અંકે રૂપીયા બે સો ચાલીસ પુરા

THE SEAL OF THE SUB REGISTRAR સબ રજીસ્ટ્રાર સુરત-૯ (ચોર્યાસી) નો શિક્કો SURAT-9. (CHORASI)

Kuldeepsinh Natvarsinh Rathod
સબ રજીસ્ટ્રાર
સુરત - 9 ચોર્યાસી

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in :** ચંદ્રેશ જેરામભાઇ ગજેરા અરજી નંબર : 121 ગામ નું નામ : **Bharthana -Koshad**

**Search Year : 2012 - 2023** મિલ્કતનું વર્ણન : રે સ નં 145/3,બ્લોક નં.141

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Surat-9(Choriasi)** મા -13 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 13/03/2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

નોંધ :- સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુકશાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

| દસ્તાવેજનો પ્રકાર અને અવેજ (ભાડા પટાના કિસ્સામાં આકાર પટે આપનાર અથવા પટે રાખનાર આપે છે તે જણાવવું) | સર્વે નંબર પેટા વિભાગ નંબર અને ઘર નંબર(જો કંઈ પણ હોય તો) | ક્ષેત્રફળ | આકાર અથવા જુડી આપવામાં આવે ત્યારે તે. | દસ્તાવેજ કરી આપનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં પ્રતિવાદીનું નામ | દસ્તાવેજ કરી લેનાર પક્ષકારનું નામ અથવા દિવાની કોર્ટના હુકમનામા અથવા આદેશના સંબંધમાં વાદીનું નામ | સહીની તારીખ નોંધણીની તારીખ | દસ્તાવેજ નંબર | શેરો |
|---|---|---|---|---|---|---|---|---|
| માલિકી ફેરખત/વેચાણ<br><br>રૂ.37622000.00 | રે.સર્વે નં-145/3,બ્લોક નં-141,જેનુ ક્ષેત્રફળ હે.આરે.2-03-36 ચો.મી. જેનો આકાર રૂ.23.50 પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન. | | | મનહરભાઇ ભગુભાઇ | ધીરૂભાઇ પરબતભાઇ સુદાણી<br>અશ્વીનભાઇ પરબતભાઇ સુદાણી<br>રતિલાલ પરબતભાઇ સુદાણી<br>કાળાભાઇ રણછોડભાઇ વેકરીયા<br>જયસુખભાઇ કાળાભાઇ વેકરીયા<br>જગદીશભાઇ બચુભાઇ સુદાણી<br>કિશોરભાઇ ગોવિંદભાઇ સુરાણી<br>કૃપાલબેન રમેશભાઇ સોરઠીયા તે શૈલેશભાઇ વેકરીયાના પત્ની | 01-11-2021<br><br>16-12-2021 | 497 | |

ઇ-પેમેન્ટ થી ટ્રાન્ઝેકશન નંબર 20230313876778033 Date **13/03/2023** થી મળેલ છે.

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-9. (CHORASI)

સબ-રજીસ્ટ્રાર

પ્રિન્ટ તારીખ : 13/03/2023 15:41:04

ઈન્સપેક્ટર જનરલ ઓફ રજીસ્ટ્રેશન (મહેસુલ વિભાગ - ગુજરાત રાજ્ય )

મિલ્કત પરના બોજા અંગેનું પત્રક / **Encumbrance Certificate (E.C)**

**Search in :** ચંદ્રેશ જેરામભાઇ ગજેરા અરજી નંબર : 121 ગામ નું નામ : **Bharthana -Koshad**

**Search Year : 2012 - 2023** મિલ્કતનું વર્ણન : રે સ નં 145/3,બ્લોક નં.141

દસ્તાવેજની આ શોધ **Sub-Registrar Office(SRO) Surat-9(Choriasi)** મા -13 વર્ષના ઇન્ડેક્ષ -2 ની ઉપલબ્ધ માહિતી અને રેકોર્ડ ઉપર થી તૈયાર કરવામા આવી છે. આ શોધનો ઉપયોગ મિલ્કત પરના બોજા અંગેનુ પ્રમાણપત્ર પુરતો જ મર્યાદીત છે. આ શોધમા તા. 13/03/2023 સુધીના નોંધણી થયેલ દસ્તાવેજોનો સમાવેશ થયેલ છે.

**નોંધ :-** સરકાર અથવા આ પ્રમાણપત્ર આપનાર સબરજીસ્ટ્રાર કચેરી આ પ્રમાણપત્રની વિગતોની ચોક્સાઇ અથવા ખરાપણા વિશે બાંહેધરી આપતા નથી અને એમાની કોઇપણ માહિતી સબંધ મા નુક્શાની માટેના કોઇપણ હકદાવા માટે તે જવાબદાર રહેશે નહિ.

**Sub-Registrar Office(SRO) Surat-9(Choriasi)**

THE SEAL OF THE SUB REGISTRAR SURAT-9. (CHORASI)